સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૭ / શુમારો : ૭ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૨+૨

# الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રજબુલ અસબ ૧૪૩૦ હી., ૨૩-૬-૨૦૦૯

## -::: રૂહાની કૂવત અને તાઈદ :::-

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.), અલ્લાહતઆલા અને મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નૂરના મજમાઅ હતા, મખ્ફી વાતોના ખઝાના હતા અને ઈલ્મો બયાનના સંદૂક હતા. ઝમીન, આસ્માન, ચાંદ, સૂરજની પૈદાઈશ પહેલા અલ્લાહતઆલાએ પંજતને પાક (અ.સ.) ના મુકદ્દસ નામો અર્શની શાખ પર લખેલા હતા. અલીએ આઅલાનું નામ અલ્લાહતઆલાના ૯૯ અસ્માએ હુસ્નામાંથી લેવામાં આવેલું છે જે હૂબહૂ ખુદાનું જ નામ છે. અલ્લાહતઆલાએ આદમ સફીયુલ્લાહ (અ.સ.) ને પૈદા કીધા તો અર્શની શાખ પર ખમ્સતુલ અત્હાર (અ.સ.) ના નામોને નૂરાનીદાર જોયા તેથી આદમ (અ.સ.) એ જિબ્રઈલ (અ.સ.) ને સવાલ કીધો કે, અય જિબ્રઈલ ! શું મારાથી પહેલા અલ્લાહતઆલાએ કોઈ બની નૌએ ઈન્સાનને પૈદા કીધા છે ? આ પાઁચ નામો જે સિતારાઓ જેમ રૌશન છે તે કોના અસ્માએ ફાઝેલા છે ! જિબ્રઈલે જવાબ દીધો કે, અય અબુલ બશર આદમ ! જે પાઁચ હસ્તીઓના નામો છે તે તમારી જ ઔલાદમાંથી એક ઝમાનમાં અલ્લાહતઆલા ઝમીનમા પૈદા કરશે અને આ પાઁચ હસ્તીઓથી ખૈર, ફઝલ, ઈઝઝત, અઝમત, પાકીઝગી અને ઈસ્મતમાં બીજાઓ માંથી કોઈ એમના બરાબર નહીં હોય. તમારી ઔલાદ માંથી જે કોઈ ખતા કરશે અને **આ પાક હસ્તીઓનો વસીલો લઇ પોતાના ગુનાહોને મઆફ કરાવશે** અને તેઓની શફાઅત તલબ કરશે તો ખુદા તેને કાબિલે કુબૂલ ફરમાવશે.

**"રજબ"** મહીના ઈસ્લામી વરસના ૭ માં મહીના છે. ૭ ની ગિન્તીની તાસીર અને એહમીયત ઈસ્માઈલી મઝહબમાં બેઈન્તેહા છે. છઠ્ઠા નાતિક મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને સાતમાં નાતિક મૌલાના કાઈમ (અ.સ.) ને દરમિયાન અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) તમામ વસીયોમાં ૯ માં છે પણ મોટા નબીયો સાથે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) બાદ આપની ગિન્તી મૌલાના કાઈમ સાથે ૭ અંકથી જોડાયેલી છે. આપ મૌલાના કાઈમના જુઝવ-હિસ્સા છે. આપના ઝમાન તક રૂહાની આલમના તમામ લોગોની પાક અરવાહોની આપ પનાહગાહ અને મૌઝએ ઈલ્તેજા છે. આપમાં દાઅવતના તમામ મરતબાઓ જમાઅ થયેલા છે કેમકે આપ મુસ્તકર ઈમામ છે. મુસ્તકર ઈમામ (જેની ઔલાદમાં ઈમામત રહે છે) ની શાન નિરાલી હોય છે. આપની ખિદમતમાં આપના અને આગલા ઝમાનના આલમે રૂહાનીના લોગોનો વુજૂદ હોય છે તે સબબ આપ જિસ્માની આલમમાં હોય યા રૂહાની આલમમાં, હર વક્ત સવાલ કરનાર, ઈલ્તેજા કરનાર, મદદ ચાહનાર, મુમેનીનની યા **અલીની પુકાર થાતા જ મુશ્કિલકુશાઇ અને હાજતરવાઇ વાસ્તે આપ હાઝિરો તૈયાર થઇ જાવ છો !** આદમ (અ.સ.) ની તૌબા અને ઈસ્તિગફારની ઘડીમાં, નૂહ (અ.સ.) ની કિશ્તી તૂફાનમાં ફસાયેલી હતી તે વક્ત, ઈબ્રાહીમ (અ.સ.) ને નિમરૂદ લઈને આગમાં નાંખા તે વક્ત, સુલૈમાન નબી (અ.સ.) નું મુલ્ક છીનવાઇ ગયું તે વક્ત, દાઊદ નબી (અ.સ.) ના હાથમાંથી લોહાને પીગલાવવાનો એજાઝ જાતો રહ્યો તે વક્ત, અય્યૂબ નબી (અ.સ.) ને કીડાની બીમારીથી શિફા હાસિલ થઈ તે વક્ત, યૂનુસ બિન મતા (અ.સ.) ને બતને હૂત (મચ્છીના પેટ) માંથી બાહર નીકાલા તે વક્ત, મૂસા (અ.સ.) ને અલ્લાહતઆલાએ નીલ નદીના પાનીમાં અસાનો મોઅજીઝો બતાવો તે વક્ત, ઈસા મસીહ (અ.સ.) જેને નસ્રાનીઓ ખુદાના દીકરા કહે છે, તેઓએ જે વક્ત એજાઝ બતાવા તે વક્ત, હઝરત અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આ તમામ મૌકા પર મસીહાઈ,

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જો અપના ખૂઁ જલા દે, વો મિલ્લત કો જિલા દે.**

*(પેજ નં. ૧નું બાકી)* **રૂહાની કૂવત અને તાઈદ.....**

હાજતરવાઈ અને મુશ્કિલ કુશાઈ વાસ્તે હાઝિર હતા. આપ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એકલા ના જ બાબ નથી, પણ તમામ અંબિયાની રંજો આફતને દૂર કરવાના વાસ્તા છો.

સૈયદના જાઅફર ઈબ્ને મન્સૂરિલ યમન (ક.રૂ.) આપના કિતાબ સરાઈર વ અસ્રારૂન નોતકામાં ફરમાવે છે કે, અલી અમીરૂલ મુમેનીન તમામ નબીયોના બાબો (દરવાઝાઓ) ના મજમૂઆ છે. હકીકતમાં બાબુલ અબ્વાબ છે યાઅની કે, હ.હાબીલ (અ.સ.) જેમ આદમ (અ.સ.) ના વસી છે અને બાબ છે અને આ ચીઝને જો એક હિસ્સો ગણવામાં આવે તો મોલા અલી (અ.સ.) તમામ બાકી અંબિયાના વસીયોના મજમૂઆ અને કુલ છે. યાઅની જે આગલા ૮ વસીઓમાં છે એ તમામ જુમ્લો અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) માં છે જે ગિન્તીમાં ૯ માં છે. મૌલાના કાઈમ (અ.સ.) ના કોઈ વસી નથી, તેથી આપ મૌલા અલી (અ.સ.) વસીઓમાં છેલ્લા અને ઈઝઝત, અઝમત, જલાલત, કરામત અને એજાઝમાં તમામ આગલા વસીઓ કરતા અને રસૂલે કરીમ (સ.અ.વ.વ.) સિવાય નબીઓ કરતા **લાસાની અને બેમિસાલ** છે. આ અકીદો અહલે બૈત (અ.સ.) ના મઝહબ ઉપર ચાલનારનો છે.

આજના શયતાની દૌરમાં આમતેમ અલગ-અલગ મસલકોની થોડી કિતાબો પર ઉડતી નઝર નાખનારા બેતુકા, બેબુનિયાદ સવાલો કરીને અહલે વલા અને યકીનને ઉલઝનમાં મૂકી દે છે. આ સવાલોના જવાબોની સમજ આપનારમાં ઈલ્મીયતની ગૈર મૌજૂદગી હોવાથી સવાલ કરનાર પોતાને સાચો માની લે છે. પણ હકીકત આના બરખિલાફ છે. એ ગુમ્રાહ લોગો કહે છે કે, તમેં નબીયોને તો યા મૂસા કે યા ઈસા કહીને પુકારતા નથી તો મૌલા અલીને **"યા અલી મદદ"** કહીને કેમ પુકારો છો ? શું નબી કરતા વસી ઉંચા હોય ? એમ પણ એતેરાઝ કરે છે કે, સૂરએ ફાતેહામાં અલ્લાહતઆલાએ **"ઇયાક નાઅબોદો વ ઇયાકા નસ્તઇન"** કહ્યું છે યાઅની કે, હમેં તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ ચાહીએ છીએ. તો શું મખ્લૂકથી મદદ તલબ કરવી અને અલ્લાહ સાથે એમના નામ લેવા જાઈઝ છે ? આના જવાબમાં હમેં અલ્લાહતઆલાની તાઈદ અને ઈમામુઝઝમાન (અ.સ.) ની મહેરબાનીથી અરઝ કરીએ છીએ કે, મૌલાના અલી (અ.સ.) ફક્ત દુનિયામાં જ મખ્લૂકના હાજતરવા અને મુશ્કિલકુશા રહ્યા નથી, પણ આપ આલમે સફા, આલમે રૂહાનીમાં અંબિયા (અ.સ.) ના ઝમાનમાં તેઓની તાઈદ અને મદદ પર પધારેલા છે યહાઁ તક કે, આપ જે વક્ત આપના માઁ સાહેબના પેટમાંથી પૈદા ન્હોતા થયા તે વકત તેમને ગૈબની કુવ્વતે અલવીયાહથી મદદ કરતા હતા. આ તાઈદો-મદદની કૈફીયત શું હતી તે ઈન્શાઅલ્લાહ હમેં આવતા શુમારામાં શાયેઅ કરીશું. ★

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### Earache - કાનમાં દુખાવો

* કાનના ત્રણ અલગ-અલગ હિસ્સાઓ છે, (૧) બાહરનો હિસ્સો જેને external ear કહેવાય છે કે, જેમાં નાનુ બચ્ચુ પોતાની આંગલીયો યા નાની ચીઝો નાખે છે. (૨) વચલો હિસ્સો (middle ear) જેમાં કાનનો પડદો, અને એક ટયુબ (eustachian tube) હોય છે જે અંદરના કાનથી આવીને નાકને પાછલના હિસ્સામાં ખુલે છ. આ ટયુબ કાનને અંદરના અને બાહરના દબાણ (pressure) ને balance કરે છે. (૩) કાનનો સૌથી અંદરૂની હિસ્સો (inner ear) જે આવાઝની તરંગો (sound waves) ને brain તક પહોંચાવે છે.
* કાનની તકલીફો ખાસ કરીને બાહરના અને વચલા હિસ્સામાં થાય છે.
* બાહરના કાનમાં થતી તકલીફોના કારણો ઘણા છે, જેમકે swimming, કાનમાં નાની વસ્તુઓ નાંખવી અને ફસાઈ જવી, ગુમડા (boils) થવા વગૈરા. બાહરના કાનની તકલીફોમાં ઘણી શિદ્દતનો દુખાવો થાય છે કેમ કે, બાહરના કાનની ચામડી ઘણી ખેંચાયેલી અને અંદરની cartilage થી જોડાયેલી હોય છે.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**જબ તક સૂરજ-ચાઁદ રહેગા, હક્ક કે વલી કા નામ રહેગા.**

(પેજ નં. ૨નું બાકી) ***હિકમતના લોગો.....***

* કાનના વચલા હીસ્સામાં થતા દુખાવાને otitis media કહેવાય છે. આ ચીઝ કોઈને એકવાર પણ થાય યા ઘણા cases માં આ તકલીફ વારંવાર થતી હોય છે. આના થવાના કારણો જેમકે, tonsils નું infection, ખાંસી, શરદી, Sinusitis, ઓરી (measles), બાહરની ઠંડી હવા લાગવી, વગૈરા હોય શકે છે. Middle ear નું infection થવાથી કાનના પડદાને પાછલ pus ભરાય જાય છે જેના કારણે કાનના અંદરના હિસ્સામાં ખૂબ દુખાવો થાય છે. આના સબબ Headache, કાનને આસપાસ સોજો, દાંતમાં દુખાવો થઈ શકે છે અને જો infection વધારે હોય તો તાવ આવી શકે છે. અગર બરાબર Treatment કરવામાં ન આવે તો કાનનો પડદો ફાટી જાય છે અને પૂરો દવાનો course ન લેવાથી આ તકલીફ વારંવાર થઈ શકે છે. જેના કારણે કાનનો પડદો જાડો થઈ જાય છે અને operation કરાવવાનો વારો આવે છે.
* કાનમાં વારંવાર થતા infection ના cases નાના બચ્ચાઓમાં ઝિયાદહ જોવા મીલે છે. ઘણા બચ્ચાઓ ને કાનને અંદરનો મેલ (wax) કાઢવાની આદતો હોય છે. એને વાસ્તે ચીપીયો, પેન્સીલ, પેન યા કોઈ નોકદાર ચીઝનો ઈસ્તેમાલ કરે છે જે કરવું ખતરનાક છે. નોકદાર ચીઝ અંદરની ચામડીને ઝખમી કરે છે જેના કારણે infection થાય છે.
* અગર કાન સાફ કરવા વાસ્તે રૂના buds વાપરવાની આદત હોય તો એ ચીઝનુ ધ્યાન રાખવું કે buds ને ઝિયાદહ અંદર તક નાંખવા નહીં. આમ કરવાથી બાહરનો મેલ (wax) અંદર તરફ જમા થાય છે. કાન સાફ કરવાને વાસ્તે સુકુ કપડું કાફી છે. કાનની અંદર wax બનવાનો process કુદરતી છે અને કાનને અંદરથી wax અપને આપ નીકલી જતો હોય છે. કાનને અંદરના ભાગને વધારે છેડવાની ઝરૂરત નથી.
* અગર બચ્ચાને કાનમાં દુખાવા ને સાથે શદીદ તાવ આવે યા ગલામાં અકડન આવે યા શદીદ સરદર્દ થાય તો તરત જ Treatment કરાવવી જોઈએ.
* અગર કાનને પાછલનો હિસ્સો સૂજી જાય યા લાલ થઈ જાય તો એને mastoiditis કહે છે. આ ચીઝના ઈલાજ કરવામાં તાખીર કરવી જાઈએ નહી.
* અગર બચ્ચાને આ તકલીફ વારંવાર થતી હોય તો આની complete treatment homoeopathy માં મૌજૂદ છે. Homoeopathy દવા કરવાથી આ tendency મીટી જાય છે. કાનના દુખાવાને વાસ્તે homoeopathic દવાના ટીપા આવે છે જેથી દુખાવામાં તરત જ રાહત થાય છે.
* આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

* **આજવા રોડ** પર ક્લીનીકનો વક્ત :
જુમોઆ : સાંજે ૫ થી ૭ રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ ક્લીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ. ★

* **બદરી મોહલ્લા**, રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦
* **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches (Approx.) |
|---|
| **3 મહીના : 150/- Rs.** |
| **6 મહીના : 300/- Rs.** |
| **1 વરસ : 600/- Rs.** ★ |

## -::: તસ્હીલુન નિસ્બત :::-
### નિસ્બતને સહેલ કરવાની તદબીર

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

**હમ થોડે હૈ તો ક્યા હુવા હક્કવાલે હૈ, હમ મુશ્કિલકુશા કો ચાહનેવાલે હૈ.**

## -::: સૈયદના અલી બિન ઈબ્રાહીમ અશ શહીદ (ક.રૂ.) ની મુખ્તસર તારીખ :::-

દાઅવતે અલવીયાહના આ મહેકતા ફુલ અને ચમકતા સિતારાની વિલાદત વડોદરામાં, સૈયદના વ મૌલાના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) ની હાઝરીમાં સૈયદના દાઉદજી બિન કુતુબશાહ સાહબ (ક.રૂ.) ના અસરે મયમુનમાં થઈ હતી. આપના બાવાજી સાહબ સૈયદી ઈબ્રાહીમ બિન સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ હતા. જેઓ સૈયદના અલીના બચપણના વકતમાં જ ઈન્તેકાલ ફરમાવી ગયા હતા અને સૈયદના અલી આપના વાલિદે માજિદની શફકત અને ઉલ્ફતથી મેહરૂમ રહી ગયા. સૈયદના અલીની તાઅલીમો-તરબીયત, જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બાવાજી સાહબ આપના બચપણામાં ગુઝરી ગયા હતા અને આપના દાદાજી સાહબ મૌલાના અબ્દુલ મુત્તલિબે આપની કફાલત, તરબીયત અને તાઅલીમ તેમજ ઉછેર કીધો હતો, તે મુજબ આપના દાદાજી સાહબ સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન (ક.રૂ.) આપને **ઉમદા અને આઅલા તાઅલીમ** બખ્શી તેમજ ઘણી નઝાકત અને શફકતથી પરવરિશ કીધી.

અલ્લાહતઆલાએ આપને બચપણાથી જ ઝહન અને અકલે સલીમની નેઅમતે ઉઝમા ઈનાયત કીધી હતી તેથી આપે સાત વરસની નાની ઉંમરમાં જ કુરઆને કરીમ હિફઝ કરી લીધા અને અરબી ઝબાનની પૂરેપૂરી તાઅલીમ લીધી. સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) આપને જોઈને આપના અસહાબોને ફરમાવતા કે, ***"અલ્લાહતઆલાએ મારી આઁખોની રોશની તો લઇ લીધી છે, પણ આ અલી જેવા ફરઝન્દને ઇનાયત કરીને મને નવી આઁખ આપેલી છે અને દુનિયા મારે વાસ્તે રોશન કરી દીધી છે."*** દાદાજી સાહબનાં ઝૈરે સાયા અને હિદાયત આપ ઈલ્મની મંઝિલો સર કરતા રહ્યા અને થોડા વરસોમાં તો સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબના મદ્રસાનાં તાલિબે ઈલ્મોમાં આપનું નામ અઝ સરે ફેહરિસ્ત બની ગયું.

સૈયદના બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.) પોતાની **"મુન્તઝેઉલ અખબાર"** કિતાબમાં યુસુફ બિન ખાનજીથી રિવાયત કરે છે કે, સૈયદના સફીયુદ્દીન શૈખ આદમ સાહબને મેં કહેતા સાંભલેલા છે કે, જે વકત મારી બન્ને આંખોની બસારત ચાલી ગઈ, તો હું હૈરાન રહી ગયો અને મારા હાલ પર ફિક્ર કરવા લાગો. તે વકત સૈયદના દાઉદજી બિન કુતુબશાહે મને ફરમાવુ કે, હવે શું કરશો ? તમારી આંખોની રોશની તો ચાલી ગઈ છે. મેં ફરમાવું કે, હું તેમા ઘણો ફિક્રમંદ છું. તે વકત સૈયદનાએ ફરમાવું કે, અય સફીયુદ્દીન, તમે બિલકુલ પરેશાન ન થાવ. જે ચીજની અમેં ઉમ્મીદ કરીએ છીએ તે જ અલ્લાહતઆલાએ અમને અતા કરેલી છે. પછી મેં કહ્યું, યા સૈયદના, જે હકીકત તમેં જાણો છો તેથી મને આશના કરો અને એટલા જ અરસામાં અલ્લાહતઆલાએ અલી બિન ઈબ્રાહીમને મને અતા કીધા, **જે મારી આઁખની રોશની બના અને દાઅવતની બરકત બના.**

જે મુજબ રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવેલું છે કે, **હું મારા પરદાદા નબી ઇબ્રાહીમ ખલીલુલ્લાહની દાઅવતનો ખુલાસો છું, તે જ મુજબ સૈયદના સફીયુદ્દીન સાહબે પણ સૈયદના અલી બિન ઇબ્રાહીમની પેદાઇશથી આપે ઇશારો કીધો કે, આ મારી દાઅવતના ખુલાસા છે.** આ મુજબ સૈયદના અલીની શાન અને અઝમત સૈયદના દાઉદજી બિન કુતુબશાહ ના ઝમાનાથી આશકાર હતી.

જે વકત સૈયદના સફીયુદ્દીન સાહબ, સૈયદના દાઉદજી બિન કુતુબશાહની હઝરતે આલીયામાં હર રોઝ પધારતા તો સાથે સૈયદના અલીને લઈ જતા હતા. સૈયદના અલી, સૈયદનાને નઝદીક દાઅવતના કિતાબો, દાઅવતના ઉલૂમો ફોનૂન અને હિકમતના અબ્વાબ પઢતા હતા. બેવે સાહબો સૈયદના અલીની પઢાઈ અને તિલાવતે કુરઆન સાંભલીને તઅજ્જુબ કરતા હતા. સૈયદના દાઉદજી બિન કુતુબશાહ તો આપની પઢાઈ સાંભલીને કહેતા હતા કે, આ પઢાઈ તો જે મુજબ ખુલા મૈદાનમાં નહેરનું પાની જોશથી વહે છે, તે મુજબ છે. એક વકત આપ સૈયદનાએ સફીયુદ્દીન સાહબને ફરમાવું કે, **અય શેખ આદમ સાહબ, અલ્લાહતઆલાએ આપની દુઆ કુબૂલ કીધેલી છે અને આ ફરઝંદની શાન મુસ્તક્બિલમાં ઘણી બલંદ થાશે.** તે બાદ આપ સૈયદનાએ બેવે સાહબો વાસ્તે ઉમ્ર દરાઝીની, ઈલ્મ અને કુવ્વતના વધારાની દુઆ ગુઝારી.

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**હક્ક પર ફિદા જો હો ગયા મરતા નહીં કભી, મરતા તો વો હૈ જો કભી હક્ક પર ફિદા ન હો.**

*(પેજ નં. ૪નું બાકી)* ***સૈયદના અલી.....***

એક વક્ત સૈયદના સફીયુદ્દીન સાહબે સૈયદના અલી (ક.રૂ.) ને પૂછ્યું કે, તમે **"અસાસુત્તાવીલ"** કિતાબના કેટલા સફહાત (પેજ) પઢા ? સૈયદના અલી (ક.રૂ.) એ ફરમાવ્યું કે, ૧૯. આપની પઢવાની અને સમઝવાની કુવ્વત એ દરજાની હતી કે, આપે થોડા દિનોમાં જ "અસાસુત્તાવીલ" કિતાબ તમામ કીધા અને દાદાજી સાહબને પૂરા કિતાબ સંભલાવા અને તફસીર કહી તે જ વકત સૈયદના સાહબે **"તાવીલુદ્દઆઇમ"** કિતાબ પઢવાની ઈજાઝત આપી અને આપે આપની હુશયારીના સબબ થોડા જ દિનોમાં કિતાબની પઢાઈ તમામ કીધી. સૈયદના સાહબે આ મૌકા પર ફરમાવ્યું કે, **આજે મારા દિલને સુકૂન હાસિલ થયું છે, ચૈન અને કરારીયતનો એહસાસ થયો છે.**

સૈ. સફીયુદ્દીન સાહબ દાઅવતની તૈયબી મસનદ પર જલ્વા અફરોઝ થયા કે તરત જ આપે સૈયદના અલી ને માઝૂનના દરજામાં બલંદ કીધા અને દાઅવતના હુદૂદ તેમજ અશરાફ લોગોના દરમિયાન દાઅવતના ઈલ્મને તલબ કરનારાઓના સરપરસ્ત મુકર્રર કીધા અને કુતુબખાનાનો કારોબાર સિપૂર્દ કીધો.

**આકિલ અને ફહીમને વાસ્તે આ જ તાકીદનો સબબ છે કે, સૈયદના સાહબે આપના ઇન્તેકાલ પહેલા સૈયદના અલી પર હુદૂદો ફોઝલાને દરમિયાન ઘણી વક્ત નસ્સે જલી ફરમાવી અને દાઅવતે હાદીયાના કિતાબોના ખઝાનાઓ સૈયદના અલીને સિપૂર્દ કીધા.** જે જે કિતાબો પર નામ ન હતા એ તમામ સૈયદના અલીના કબઝામાં હતા અને અલ્લાહના ફઝલો એહસાનથી એ કિતાબો આજે પણ દાઅવતના કુતુબખાનામાં મૌજૂદ છે, મેહફૂઝ છે. અલ્લાહ જલ્લા શાનોહુ સૈયદના અલીની દાઅવતને કાઈમ રાખે, દાઈઝઝમાનની ઉમ્રે મુબારકને તૂલ કરે, મુમેનીન ની હિફાઝત કરે અને બાતિલની બદી થી મુમેનીન ને દૂર રાખે. શું આ તમામ નિશાનીઓ જે ઉપરના અખ્બારથી ઝાહિર થાય છે તે સૈયદના શૈખ આદમ સાહબના કાઈમ મકામ બનવાની સાફ દલીલ નથી?

સૈયદના સફીયુદ્દીન સાહબે ફરમાવ્યું કે, **"અય અલી આપની ઇતાઅત એ મારી ઇતાઅત છે, આપની મોહબ્બત એ મારી મોહબ્બત છે, આપની અદાવત એ મારી અદાવત છે, અને આપની માઅસીયત એ મારી માઅસીયત છે".** આ મુજબના અલ્ફાઝ તેને વાસ્તે જ હોય શકે જે આપના સૈયદનાના કાઈમ મકામ હોય. હવે જે લોગો આ હકીકતને કુબૂલ ન કરે તેઓએ સૈયદનાના અમરને ઠુકરાવો અને એ લોગોની આંખો અંધી તો નથી બલ્કે તેના દિલો અંધા છે, બીમાર છે. મુમેનીન સૈયદના અલી (ક.રૂ.) ને મોતઅલ્લીક બીજી માઅલૂમાત અને અખ્બાર **"મખ્ઝનુલ મસાઇલ"** કિતાબનો મોતાલેઓ કરીને હાસિલ કરે.

૭ રજબ હિ. ૧૦૩૦ ના રોજ સૈ.અલી શમસુદ્દીન ૨૯ માં દાઈએ મુત્લક તરીકે દાઅવતની મસ્નદ પર જલ્વા અફરોઝ થયા. હિ.૧૦૩૦ થી ૧૦૪૬ તક, કુલ ૧૬ વરસ આપે અજબ હોંસલા અને રૂહાની તાકતથી ફક્ત ૨૭ મુમિનો સાથે દાઅવતે હાદીયાહના સફીનાને ભંવર માંથી નીકાલી સિરાતુમ મુસ્તકીમ પર ગામઝન કીધા. આપે આપના માઝૂનુદ્દાઅવત તરીકે આપના કાકાજી સાહબ સૈ.ઝકીયુદ્દીન તૈયબ બિન સૈ.સફીયુદ્દીન (ક.રૂ.) ને મુકર્રર કીધા અને મુકાસેરૂદ્દાઅવતના રૂત્બા પર સૈ.બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.) ને ફાઈઝ કીધા.

૨૧ મી ઝિલકાદ હિ.૧૦૪૬ ને દિને આપે આપના હુદુદો ફોઝલા ને દરમિયાન સૈ.ઝકીયુદ્દીન તૈયબ બિન સૈ.શેખ આદમ પર નસ ફરમાવી અને વસીયત કીધી કે તેઓના આખરી વકતમાં ૩૧માં દાઈ તરીકે સૈ.બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.) પર નસ કરે.

આપ આપના હુદુદો ને સાથે સવારીમાં એક મુમિનના ઘર પર પધારી રહ્યા હતા તે વક્ત તૈયબજી ના શાગિર્દ કાસિમજી બિન ફીર લઈને (લા.અ.) આપને દગા અને ધોકાથી તલવાર મારી ઝખ્મી કીધા. બે દીન આપ કૈદે બિસ્તર રહ્યા અને ૨૩મી ઝિલ્કાદ હિ.૧૦૪૬ ના રોઝ આપ આ દારે ફાની માંથી રહેલત ફરમાવી ગયા અને શહાદતના અઝીમ મરતબાને હાસિલ કીધો. આપની શહાદતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસની સચ્ચાઈને ઝાહિર કીધી કે, **"૧૦૦૦ ના માથા પર હિન્દમાં મારા દોઆતો માંથી એક દાઇ શહીદ થાશે જેની શાન નિરાલી હશે અને જે હક્ક પર હશે."** આપ નાની કરબલાના સાહબ છો અને અલવી જમાઅતની બુનિયાદ છો.

*...... તુમ જો ચાહો તો કબ્ર બન જાયે ..... ગુલે ઉમ્મીદ ફ્રિર સે ખિલ જાયે ...... મિન્નતો કા ખઝાના મિલ જાયે ......*

*......યા સૈયદના અલી શહીદે કરીમ ......* ★

**અલી કા ઈશ્ક ઝરૂરી હેં ઝિંદગી કે લીયે, યે શમ્અ વો હે જો હે દિલકી રોશની કે લીયે.**

## -: શરાબ : નાપાક દુનિયાનો શયતાની બાદશાહઃ--: કિસ્ત-૧ :-

મુમિનની શરાફત અને ઈઝઝત એના અમલ પરથી ઝલકી ઊઠે છે. જે અમલની ઈમારત નૈક નિય્યત, ભલાઈ અને શરીઅતની પાબંદી પર હોય તો તેના સાથે ખુદાની મદદ અને ખુશી શામિલ થઈ જાય છે. હવે જો અમલ કરવા પાછલ બુરાઈ, ખરાબ ઈરાદો અને શયતાની ચાલનું પીઠબલ હોય તો તે ખુદાનો ગઝબ અને ગુસ્સાને તેડું કરે છે. મુમિન, ખુદાની કરમબખ્શી અને ખુશી સાથે પોતાના હરેક અમલને જોડે છે અને જેનાથી એને ખુદાની રહેમતથી દૂર થાવાનો ખૌફ હોય છે તે હર નાપાક અમલને છોડે છે. રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, **અલ-હસદો વલ કેબરો વલ ખમ્રો ઉમ્મુલ ખબાઇસ,** યાઅની કે અદેખાઈ, ઘમંડ અને શરાબ -દારૂ નાપાકીઓની માઁ છે, જડ છે. ખુદાતઆલા શરાબની નાપાકીથી મુમિન દૂર રહે તે વાસ્તે શરાબને પૂરેપૂરી હરામ કીધેલી છે. જેના વાસ્તે ફરમાને રબ્બાની છે કે, **"યા અય્યોહલ્લઝીના આમનૂ ઇન્નમલ ખમરો વલ મૈસેરો વલ અન્સાબો વલ અઝલામો રિજસુમ મિન અમલિશ શયતાન ફજતનેબૂહો લઅલ્લકુમ તુફલેહુન,"** યાઅની કે, અય તે લોગો જે ઈમાન લાવા, બેશક શરાબ અને જુગાર અને મૂર્તિપૂજા અને પાંસા ફેંકવાની રમત નાપાક છે, શયતાનનો અમલ છે, તમેં એનાથી બચો, દૂર રહો, ઉમ્મીદ છે કે તમેં કામિયાબ થાવ. આ આયતમાં ખુદાતઆલાએ ખમર (દારૂ) પીવાની મનાઈ કીધી છે, હરામ કીધી છે જેમ બીજી તમામ હરામ ચીઝોને પીવાથી, ફૂઁકવાથી અને ખાવાથી માનઅ કીધેલી છે.

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, ખમર-શરાબ હરામ છે. ખુદાતઆલાની લાઅનત શરાબ પીનાર પર, શરાબને બનાવનાર પર, તેને નીચોડનાર પર, વેંચનાર પર, તેને ખરીદનાર પર, ઉઠાવનાર પર, તેનો ઝખીરો રાખનાર પર, પીવડાવનાર પર, અને તે શખ્સ પર જેના ઘરમાં યા ગિરોહમાં શરાબને પીવડાવવામાં આવે, તેનો નફો ખાનાર પર, આમ કુલ ૧૦ જણા પર અલ્લાહની લાઅનત નાઝિલ થાશે અને અઝાબ પડશે. શરાબના હરામ થાવાની તાકીદ એટલી સખ્ત છે કે, શરાબ વાસ્તે ફલ અને અનાજ ઉગાવનારથી લઈને શરાબના ગ્લાસ ધોનાર યા બોટલો લઈ જાનાર તક જેટલા લોગો આ નાપાકીમાં શામિલ થાય છે એ તમામને ખરાબમાં ખરાબ તૌર પર અઝાબે ઈલાહીમાં ગિરફતાર થાવું પડશે. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, શરાબી જે વક્ત ખુદાતઆલાને મીલશે તો બુતપરસ્ત (મૂર્તિપૂજક) ને મુજબ મીલશે અને જે શખ્સ શરાબનો એક ઘૂંટ પણ પીશે તો ખુદાતઆલા એની **૪૦ દિન** અને રાતની કોઈ ઈબાદતને કુબૂલ કરશે નહીં. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, ત્રણ શખ્સો પર જન્નત હરામ કરવામાં આવી છે, (૧) હમેશા શરાબ પીનાર પર (૨) મૂર્તિપૂજક-બુતપરસ્ત પર (૩) આલે મોહંમદનો દુશ્મન જે હક્કના ઈમામ અને એમના માનનારાઓ પર ઝુલ્મો જબર કરે એના પર. જે શખ્સ શરાબ પીશે અને પીવા બાદ ૪૦ દિનમાં મરી જાશે તો એ એક બુતપરસ્તની હાલતમાં એના રબને મીલશે. શરાબના હરામ હોવાને સાથે કોઈ પણ બીજી નશો ચઢાવનારી ચીઝોના હરામ કરવા વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મેં કોઈ પણ છાક યા નશામાં લાવનારી ચીઝને હલાલ કરતો નથી. તેનું થોડું પણ હરામ છે અને ઝિયાદહ પણ હરામ છે. કોઈ પણ **"મુસ્કિર"** ચીઝ નશાવર છાંકવાલી ચીઝ પૂરેપૂરી હરામ છે, ભલે ને એક ઘૂંટ હોય, એક ટુકડો હોય, એક ઝર્રો હોય યા એક ટીપું હોય.

આજની તરક્કી યાફ્તા દુનિયાની શયતાની લઝઝતોની લાલચની જાલમાં નૌજવાન તબકો લપેટાઈ ગયો છે. જેમ એક આમ ઈન્સાન વાસ્તે ત્રણ વક્તનું જમન ઝરૂરી હોય છે, તેમ નશીલી ચીઝોનું સેવન કરનાર લોગોના જમનની ઝરૂરતની જગા પડીકી, સીગારેટ, શરાબ યા ડ્રગ્સએ લઈ લીધી છે. આવા લોગોનું જમન જ આ નશીલી ચીઝો છે. ઉપર બયાન થયેલી બાબતોને ધ્યાનમાં લઈએ તો નશાબાઝો અને શરાબીઓનો ઈમાનની શરતો સાથે તો શું પણ તેના નામથી પણ દૂરનો રિશ્તો નથી. આ બુરાઈ જિસ્માની તંદુરસ્તીને જડથી ઉખાડી ફેંકે છે. એના પેટ, જડબા, આંતરડા, કલેજું, અને ફેંફડા નશીલી શયતાની ચીઝોની આતિશમાં જલીને કાલા ઝેહરીલા થઈ જાય છે. **જમાઅતના બાઝ નૌજવાનો પણ આ ખતરનાક ખેલમાં ખરાબ દોસ્તોના બેહકાવવાથી કુદી પડે છે.** સીગરેટ પીવી અને શરાબનો ચુસકી મારવી અમુક ગ્રુપ વાસ્તે સ્ટેટસ સિમ્બોલ અને ફેશન બની ગઈ છે. કોઈ બેનામ જગા પર, કોઈ

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**બકૌદા તું તકદીર કા હે બલંદ, દોઆતોં કે દેખે બરસ ચારસો.**

## -::: સચ્ચાઈ કી ડગર પર :::-

ચલકર ચલો દિખાએં, સચ્ચાઇ કી ડગર પર,
શમ્એ અમલ જલાએં, સચ્ચાઇ કી ડગર પર.
બચ્ચોં કો જબ ખુદાને અકલે સલીમ દી હે,
નૈકી કો જાન લેં હમ સમઝેં કે ક્યા બદી હે,
અફઝલ તરીન બચ્ચોં, મુમિન કી ઝિંદગી હે,
દુનિયા કે સાથ દીં કી તાઅલીમ લાઝિમી હે,
હરએક કો હમ ચલાએં, સચ્ચાઇ કી ડગર પર,
શમ્એ અમલ જલાએં, સચ્ચાઇ કી ડગર પર.
એક વક્ત હો મુકર્રર હર કામ કા અય હરદમ,
પઢને કે વક્ત પઢલેં, ખેલેં મગર બહોત કમ,
અપના નહીં હે શૈવા, આવારગી કરેં હમ,
ખુશ હો કે જાએં પઢને આએં તો શાદ ખુર્રમ,
અપનોં કો હમ બુલાએં, સચ્ચાઇ કી ડગર પર,
શમ્એ અમલ જલાએં, સચ્ચાઇ કી ડગર પર.
હો ઉમ્ર તુલ યા રબ, તૈયેબ ઝિયાઉદ્દીં કી,
તાઅલીમ જિસને દી હે, ઇમાન કી, યકીં કી,
કૌનૈન મેં બઢા દી તૌકીર મુમિનોં કી,
બર આએ યા ઇલાહી ઉમ્મીદ અહલે દીં કી,
ભટકે હુએ ભી આએં, સચ્ચાઇ કી ડગર પર,
શમ્એ અમલ જલાએં, સચ્ચાઇ કી ડગર પર. ★

**તું તાઅરીફ કર એ શખ્સની જે તારા પર સખ્તીથી વેહવાર કરે અને નસીહત કરે અને નાપસંદ કર તું તે શખ્સને જે તુને ચોખો ગીને અને તારી ખુશામદ કરે.**

## -::: કસીદો :::-

યા સૈયેદના અલી હો નિગાહે કરમ,
મૈં કોઇ શાનો શૌકત નહીં માંગતા.
માલા ઝર કી તમન્ના નહીં હૈં મુઝે,
મૈં ઝમાને કી દૌલત નહીં માંગતા.
અર્ઝ અય ઇબ્રાહીમ કે દુલારે સુનો,
શૈખ આદમ કી આઁખો કે તારે સુનો.
આપકે દર કે ટુકડો કા તાલિબ હું મૈ,
પર સિકન્દર કી કિસ્મત નહીં માંગતા.
આપ હી સે હે નિસ્બત ખુદા કી કસમ,
આપ સે હી અકીદત ખુદા કી કસમ.
આપ હી મેરે હામી હો આકા અલી,
દૂસરોં કી હિમાયત નહીં માંગતા.
આપ કે દર કા મૌલા સવાલી હું મૈં,
ક્યું કિસી ગૈર કે દર પા જાઉં ભલા.
ખાલી દામન હૈ કુછ આપ દે દીજીએ,
મૈં કિસી કી ઇનાયત નહીં માંગતા.
દિલ મેં થોડા સા જઝબએ અલવી રહે,
હાથ મેં મેરે પરચમ ઝિયાઇ રહે.
ઝિંદગી મેરી કામ આએ ઇમાન પર,
ફાની દુનિયા કી રાહત નહીં માંગતા.
દિલ મેં અફઝલ અલી કી હી ચાહત રહે,
શાફએ રૌઝે મેહશર કી ઉલ્ફત રહે.
અય અઝીઝ ઇતના હી માંગતા હું સદા,
મૈં કોઇ બાદશાહત નહીં માંગતા. ★

## -::: રિવાયત :::-

અબી હજ્જાફ રિવાયત કરે છે કે, હારિસ નામના શખ્સ અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ને નઝદીક રાતે આવા. આપ મૌલાએ ફરમાવું કે, અય હારિસ, આ વક્ત પર પધારા છો ? તેં કહ્યું કે, **આપની મોહબ્બતના સબબ.** આપે ફરમાવું કે, અલ્લાહની કસમ તમારા દિલમાં બીજું કઇ નથી પણ મારી મોહબ્બત છે. હારિસે કહ્યું કે, અલ્લાહની કસમ ! મને કઇ નથી મીલું પણ આપની મોહબ્બત. આપ કહેવા લાગા કે, અય હારિસ, કોઇ પણ જાન તેના જિસ્મ માંથી નહીં નીકલે જે મને મોહબ્બત કરતી હશે મગર તે જોશે તેની મોહબ્બતની હેસીયત તેની નઝરથી. કસમ અલ્લાહની ! નહી જુદા થાય કોઇ જાન તેના જિસ્મથી જે મારી અદાવત રાખી હશે મગર જોશે કે કઇ તરહ તેં મારાથી દુશ્મની રાખી.

આપ (અ.સ.) નો કહેવાનો મતલબ એ છે કે, હમારી અને હમારા વલીઓની જે તરહ મોહબ્બત તેના દિલોમાં હશે તેને અલ્લાહની રહેમતની બશારત આપવામાં આવશે અને હમારા દુશ્મનો તેની અદાવતના સબબ તે હૌલનાક મંઝર જોશે કે, મૌત નાઝિલ થયા બાદ તે લોગોને કઇ તરહ અઝાબમાં ફેંકવામાં આવશે. ★

**હક્ક બોલ, યા અલી બોલ, દોનો હૈં મીઠે બોલ.**

# -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ “લફઝી કશ-મ-કશ” ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા “ફાઈનલ સવાલ” નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....

**નોટ** : લિસાનુદ્દાઅવત ઝબાન ઘણી ઝબાનોનો મજમૂઓ છે, તેથી જવાબોમાં એવા હુરૂફ (અક્ષરો) હોય છે જે ગુજરાતીમાં અડધા લખાય છે. પણ યહાઁ જવાબમાં તે હુરૂફને આખા લખવાના રહેશે. મિસાલ : “ઈત્તેફાક”, આ લફ્ઝને જવાબ આપતી વક્ત “ઈતતેફાક” અને “ઈસ્તિન્જા” લફ્ઝને “ઈસતિનજા” લખવાનું રહેશે.

**સવાલો :**

(૧) ઈમામ હુસૈન (અ.સ.) ના હાથ પર જે જગામાં હક્કની ફતેહ થઈ અને બાતિલપરસ્ત યઝીદી તાકતોની હાર થઈ તે જગા ?

| | | | |
|---|---|---|---|
| | | | ○ |

(૨) સફરમાં જાનાર શખ્સ ઝોહરના ફરઝની નમાઝ ------- પઢે છે ?

| | | |
|---|---|---|
| | ○ | |

(૩) શુજાઅ, નિડર.

| | | | |
|---|---|---|---|
| | | ○ | |

(૪) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના નાનાજી સાહેબનું નામ.

| | | |
|---|---|---|
| | ○ | |

(૫) મૌત, કઝા.

| | | |
|---|---|---|
| ○ | | ○ |

**ફાઇનલ સવાલ :**

✲ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નો તે લકબ જે યદુલ્લાહ (અલ્લાહના હાથ) યા વજહુલ્લાહ (અલ્લાહના ચહેરા) ની મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

**➡ ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧)

| | | |
|---|---|---|
| (મો) | ઈ | (ઝ) |

(૨)

| | | |
|---|---|---|
| (અ) | ઝી | (મ) |

(૩)

| | | |
|---|---|---|
| કા | તિ | (લ) |

(૪)

| | | |
|---|---|---|
| (મ) | (ર) | (ઝ) |

(૫)

| | | | |
|---|---|---|---|
| (નુ) | ગ | હ | ત |

(૬)

| | | |
|---|---|---|
| (ઝા) | મિ | ન |

**ફાઇનલ જવાબ :**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | મ | ઝા | નુ | લ | મો | અ | ઝ | ઝ | મ |

★

*(પેજ નં. ૬નું બાકી)*

***શરાબ.....***

ખાલી ઘરમાં, કોઈ મોહલ્લાના નાકાની વાઁકી ગલીમાં, કોઈ ગલ્લા-લારીને પાછલના ઓટલા પર, કોઈની નઝર ન પડે એવા ખોચાઓમાં આ ઈબ્લીસી હરકતો ચાલતી હોય છે. જવાનોની આ બદીનો દાગ વધારે વક્ત છુપો રહેતો નથી અને જો માઁ-બાપ આ ચીજથી બેખબર હોવાનો દાવો કરે તો એ વાતમાં કોઈ દમ નથી. **માઁ-બાપ ઘરના મોટા છે, માલિક છે, મુખ્તાર છે.** ઘરમાં કોણ શું કરી રહ્યું છે ? કયા વક્ત પર આવે-જાય છે ? કોના કયા દોસ્તો છે ? કોન કયા કામ વાસ્તે બાહર જાય છે એની ખબર માઁ યા બાવાજીને હોવી આજના વકતમાં બેહદ ઝરૂરી છે. જો ઘરના મોટા આ ઝિમ્મેદારીને સીરીયસલી નહી લે, ઘરના જવાનોને પોતાની મરઝી પર છોડી દેશે, ઘરમાં આવવા-જાવાનો કોઈ નિઝામ નહી હોય તો આ બધી શયતાની ચીઝોનો ઝેહરીલો ડંખ એવો જાનલેવા સાબિત થાશે કે, એમાંથી નીકલવાનો કોઈ રસ્તો બાકી નહી રહે. દોઆતે કિરામ (રિ.અ.) ની હમને નસીહત છે કે, રાતે તમેં કોઈ ઝરૂરી કામ સિવાય ઘરમાંથી બાહર ન નીકલો. **રાતમાં જલ્દી સુવું અને ફજરમાં જલ્દી ઉઠવું એ પરહૈઝગારોની નિશાની છે.** આજે માઁ-બાપની નઝર સામે એનો ફરઝંદ ખુશી-ખુશી મોડી રાતે મસ્તી-તુફાન કરવા બાઈકો પર દોસ્તો સાથે સડકો પર ભટકે છે. આવી ચાલ-ઢાલ અને આદતે ખબીસા વાલા ફરઝંદોના ઝહેનમાં હિદાયત-નસીહતની વાતો કહાંથી ઉતરે, જે ફરઝંદ માઁ-બાપનો ન થયો એ બીજાનો કહાઁથી થાય ? પછી આવા જવાનો શયતાની રાહો પર ભટકે, નશો ચઢાવીને ભૂલથી ઘરમાં આવે તો એમાં તઅજ્જુબની વાત નથી ! ગફલત, ગુમ્રાહી અને બદગુમાનીના સબબ લોગો નશાબાઝીના શિકાર બને છે. હમારૂં દીન હમને આ યઝીદી બીમારીને દૂર કરવાનો પૈગામ આપે છે. યઝીદ શરાબખોર હતો, તેથી શરાબના નશામાં ડૂબી જઈ અકલ ખોઈ બેસો, **શરાબે યઝીદે જ ઇમામે અકલને શહીદ કીધા.** તો આવો જવાનો ! હમેં બેદાર થઈએ અને હમારી અકલની તલવારથી શયતાની શેહવતોને મારી નાખીએ. ★ *(બકીનું આવતા શુમારામાં)*

**શોહરત કે વાસ્તે ન તો ઈઝ્ઝત કે વાસ્તે, જાઁ દી હે શમ્સુદીનને મિલ્લત કે વાસ્તે.**

## -::: ગુલ્શને ફિક્હ :::-

### નમાઝ

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"ચોરોનો મોટો ચોર તે છે જે પોતાની નમાઝમાં ચોરી કરે યાઅની કે, પોતાની ફરઝની નમાઝોને બરાબર અદા ન કરે."** હવે નમાઝને ન પઢનાર શખ્સ ચોર થયો તો નમાઝ જે સાહબે હક્કથી કાઈમ છે તેને ન માનનાર કેટલો મોટો ચોર કહેવાય. ખાતિમુન્નબીયીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ) ની દાઅવત જ નમાઝ છે. નમાઝ કાઈમ કરવી હોય તો અલ્લાહતઆલાની વેહદાનીયત, એના રસૂલની રિસાલત અને આપની આલે અત્હરની ઈમામત પર ઈમાન લાવવું પડે. હવે જે શખ્સ ઈમામે આલે મોહંમદ ઈમામુઝઝમાન (અ.સ.) પર ઈમાન જ ન લાવે અને પૂરી ઝિંદગી નમાઝ પઢા કરે તો એના આ અમલે નાકિસને રૌઝે કયામત એના મોં પર મારવામાં આવશે કેમકે **એનું દિલ ઝમાનાના ઇમામની માઅરેફતથી ખાલી છે.** તો નમાઝને કાઈમ કરતા પહેલા ઈમામતનો ઈકરાર ખૂબ ઝરૂરી છે. ઈમામુઝઝમાન (અ.સ.) નો ઈન્કાર નમાઝની ચોરી કરતા સંગીન અને સખ્ત ગુનાહ બને છે.


✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ વુઝૂને, રૂકુઅને, સજદાને અને ખુશૂઅને તમામ ન કરે તો એની નમાઝ **"ખેદાજ"** છે યાઅની અધુરી અને નાકિસ છે. કટસુવાવડ જે વક્ત થાય છે તો બચ્ચાના જિસ્મની તખ્લીક અધુરી હોય છે જેના સબબ બચ્ચાની વિલાદતની ખુશી હાસિલ ન થાવા ને સાથે બૈરો માઁ થાવાથી પણ મેહરૂમ રહે છે. આ જ મુજબ, બરાબર નમાઝ ન પઢનાર શખ્સ નમાઝીના લકબથી તો મેહરૂમ રહે છે પણ એની નમાઝ પણ કટસુવાવડના બચ્ચા જેમ ઝાયેઅ થઈ જાય છે.

✤ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, સુકૂન અને તમક્કુનને સાથે પઢેલી ફક્ત બે રકાત પૂરી રાતની ઈબાદત કરતા અફઝલ છે, જે કરારીયત અને સુકૂન બગૈર પઢવામાં આવી હોય. નમાઝમાં દિલો દિમાગની હાઝરી હોવી ઝરૂરી છે. હર અમલની બુનિયાદ નિય્યત પર હોય છે. **નિય્યતનો તઅલ્લુક સાચા દિલથી છે.** જો સાચા દિલથી અને પૂરેપૂરા અરકાનથી નમાઝ અદા કરવામાં આવે તો નમાઝીએ નમાઝની માઅરેફત સહી તૌરથી કીધી એમ કહેવાય. ★

## -::: BEST WISHES :::-




**Hunaid Husainali Barodawala** Studying in Bright Day School has secured 'A' grade in I std. with excellent performance and has ability to exhibit himself better. ★



**Hafizali Aliakbar Lokhandwala** Studying in Delhi Public School participated in the 2nd International Mathematics Olympiad, held on 18/12/2008. We highly appreciate his distinctive performance in this competition by getting 90.64% of marks & securing 62nd rank at city level. ★



**Hunedali Shabbirhusain Chasmawala**
He has passed the Bachelor of Clinical Optometry Examination held this year by Bharati Vidyapeeth University, Pune and secured First Class with distinction. At present he has appeared for CAT 2008 exams and got 93.1% and is doing MBA at Fore School of Management, New Delhi. ★



**ફાતેમા મુલ્લા નાદેઅલી દુર્ગાવાલા** આ બહેન Std. VII માં ગુજરાતી વિષયમાં પોતાની ક્લાસમાં અવ્વલ આવા છે અને ઈમ્તેહાનમાં ૭૭% માર્કસથી કામિયાબ થયા છે. ★

**હે તૈયેબ કે સાયે મેં દૌરે જદીદ, તરક્કી કે દેખે બરસ ચારસો.**

## -::: ઝાહેર ખબર :::-


**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઇમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

....કારપેટ ....કારપેટ ....કારપેટ ....
અમારે ત્યાં નવીન ડિઝાઇન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....
**લકી કારપેટ સેન્ટર**
C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

**Parvez Tinwala & Co.**
Chartered Accountants
3/59 A, Baig Mohammed Bldg.,
131/133, R.B.Marg,
Opp. J J Hospital No.9, Mumbai - 9.
Mobile : 9987529366
E-mail : parvez_t@hotmail.com ★

**AZM TUTIONS**
(BHAISAHEB SIR - 25 YRS. OF TEACHING EXPERIENCE)
for Eng. & Guj. Medium -
From Std. 1 to 10 - For All Subjects
Specially for ARABIC & PERSIAN
For 11th & 12th Only CHEMISTRY
**DIAL JALDI KARO**
9374510538 / 9277200119. ★

*No Picnic..No Gupshup..Only good results*
**NOORANI CLASSES**
Nooruddin Zariwala
Std. 1 to 7 all subjects
Std. 8,9,10 Gujarati, Hindi, Arabic, Sanskrit & Persian
Batches of SSC Classes are almost full
Grab your admission right now.
Dial : 9377552582. ★

**PERSONAL TUTION CLASSES**
1st to 7th std. (Eng./Guj. Medium)
11th Commerce (Eng./Guj. Medium)
ALL SUBJECTS
**Anjuma Alihusain Tinwala**
(M.com., B.Ed., 5 Yrs. exp. in teaching)
B/304, Krishna Nagar Soc., Taiyebipark,
Ajwa Road, VADODARA - 390 019.
Contact No.: 9228905066. ★

*Karlo Zyada Percentage Ka Irada*
**માસુમા બુટીક**
૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

**અલી ટૂર્સ**
હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની ઈજાઝતથી અલવી મુમેનીન વાસ્તે ઝિયારતનો સુનેહરો મૌકો
ટૂર : **૧૮ દિવસ** (કરબલા, નજફ અને શામ)
ખર્ચો : ૬૭,૦૦૦/- (બોર્ડર ક્રોસિંગની તકલીફ વગર શામથી નજફ **ફલાઇટમાં** લઇ જવામાં આવશે.)
વક્ત : **શવ્વાલમાં**-ટૂર દૌરાન બેહતરીન સુવિધાઓ આપવામાં આવશે.
કોન્ટેક્ટ : અલીઅકબર પૂનાવાલા (મુંબઇ) : ૦૯૩૨૪૫ ૬૪૦૯૦, ૦૯૨૨૪૪ ૦૯૪૬૬.
અલી અફઝલ લોખંડવાલા (વડોદરા) : ૦૯૮૨૫૧ ૫૨૪૫૪.
મુમેનીનથી ઈલ્તેમાસ છે કે પોતાનો પાસપોર્ટ રમઝાન મહીનાના પહેલા હફતામાં જમા કરાવી લેવો. ★


**ત્રણ ચીઝો નજાત આપનારી છે :**
(૧) મખ્ફી અને ઝાહિરમાં અલ્લાહનો ખૌફ.
(૨) ફકીરી અને તવંગરીમાં વેહવારૂ બનવું.
(૩) ગુસ્સા અને નરમીમાં ઈન્સાફ કાઈમ કરવો.★

**હક્ક ઔર અલી મીલે હમેં ઐસા નહીં કોઈ, અબ ઈસકે બાદ દિલમેં તમન્ના નહીં કોઈ.**

## -::: ચારસો સાલ :::-

ખૂશા મરહબા આજ પૂરે હુવે,
યે દાઅવત કી નસ કે બરસ ચારસો,
ચકીં હમકો ઈબ્દાઈ દાઅવત સે હૈ,
યે નસ કે હૈં ઝામિન બરસ ચારસો,
બડૌદા તું તકદીર કા હૈ બલંદ,
દુઆતોં કે દેખે બરસ ચારસો,
ફલીફુલી દાઅવત કી કયારી મેં હૈં,
મહકતે ચહકતે બરસ ચારસો,
દુઆતોં કી મેહનત કા ફલ હૈ મિલા,
શજર બાસમર હૈ બરસ ચારસો,
અલી કી હો મિલ્લત કે બઢતે કદમ,
કે દેખે સભી હમ બરસ ચારસો,
હૈં તૈયબ કે સાયે મેં દૌરે જદીદ,
તરક્કી કે દેખે બરસ ચારસો,
મોહંમદ કા સાયા અલી કા કરમ,
રહે હરસૂ સબ પર બરસ ચારસો,
મતીને હકીકી કી નસ પર સદા,
કરમ પંજતન કા બરસ ચારસો,
તિજારત મેં, સુનઅત મેં, તાઅલીમ મેં,
હો દુગની તરક્કી બરસ ચારસો,
ભલા મુમિનોં કા હી હોતા રહે,
દુઆ " અલવી " કી હૈ બરસ ચારસો. ★

## -::: BEST WISHES :::-



**Aalia AliAfzal Lokhandwala** has secured 'A' grade in Elementary Drawing Grade Examination held on Sep-2008. She is a student of Navrachna School, Vadodara where in V std. she distinctively performed in all important subjects by getting A+ grade and is awarded 'Scholar's Badge' with proficiency certificate. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : લતીફભાઈ નજફઅલી ઝરીવાલા
સરનામું : બશેરા એપાર્ટમેન્ટ, મોરબી ટંકારા જમાતખાના સામે, લાડવાડા, વડોદરા.
ફોન : ૯૮૯૮૨૯૪૯૪૫
સબબ : દિમાગની બીમારી
વફાતની તારીખ : ૧ જ.આખર ૧૪૩૦, સોમવાર, ૨૫/૫/૨૦૦૯.

---

નામ : ઝૈનબ કુરબાનહુસૈન ટીનવાલા
સરનામું : લેહરી હાઉસ, ભેંડી બાઝાર, મુંબઈ.
ફોન : ૦૯૩૨૩૧૬૫૩૬૯
સબબ : કમલો
વફાતની તારીખ : ૧૪ જ.આખર ૧૪૩૦, રવિવાર, ૭/૬/૨૦૦૯.

---

નામ : ખદીજાબુ ઝિયાઉદ્દીન અત્તરવાલા
સરનામું : ફખરી મોહલ્લા, ગેંડીગેટ રોડ, વડોદરા.
ફોન : ૯૮૨૪૪૮૮૭૬૭
સબબ : હાર્ટ એટેક.
વફાતની તારીખ : ૨૨ જ.આખર ૧૪૩૦, સોમવાર, ૧૫/૬/૨૦૦૯.

(મુમેનીનને મરહૂમીનના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)★

## -::: કસીદો :::-

સૈયેદના અલી દિલ કા મેરે, અરમાન યે પૂરા હો જાએ,
હંગામે અજલ સે પહેલે મુઝે, **તુરબત કા નઝારા હો જાએ,**
હાસિલ હો કમાલે ઝૌકે નઝર, અય કાશ કે ઐસા હો જાએ,
જિસ વક્ત મેં આઁખે બંદ કરૂં, **રૌઝે કા નઝારા હો જાએ,**
રોશન હૈ ઉન્હી કે પરતોં સે, યે શમ્એ દાઅવત શામો સહર,
રૂપોશ હો ગર જલ્વે ઈનકે, **હર સિમ્ત અંધેરા હો જાએ,**
તૂફાને બલા કી મૌજોં મેં, હૈ મિલ્લતે અલવી કી કિશ્તી,
સૈયેદના અલી અબ તો કોઈ, **રેહમત કા ઈશારા હો જાએ,**
અય શમ્સોદીં મૌલા હક્ક કે વલી, અય જાને જહાઁ ઈમાને જહાઁ,
કયા ઉસકો હો દુનિયા કી પરવા, **જો સિર્ફ તુમ્હારા હો જાએ,**
સૌ બાર મૈં તુરબત પર આઉં, કબ દિલ કો તસલ્લી હોતી હૈ,
દિલ કરલું તસદુક રૌઝે પર, **યે દિલ ભી અલી કા હો જાએ,**
ક્યું કર ન મિટા ડાલું હસ્તી, મૈં ઈશ્કે અલી મેં અય હાસિલ,
જો આપ કા કુરબાઁ હો જાએ, **અલ્લાહ કા પ્યારા હો જાએ.**

**અલીવાલોં મનાને કો ખુશી તૈયાર હો જાઓ, ન આયે આઁચ મિલ્લત પર ઝરા હુશિયાર હો જાઓ.**

## -::: શહીદે આઅલા સૈ.અલી (ક.રૂ.) ની ઝિક્રા મુબારકા :::-

અલવી મુમેનીનને પોતાના આકા-મૌલા શહીદે અકરમ (આ.કુ.) ની તખ્તનશીની ના ૪૦૦ સાલનો બાઅઝમત અને બાબરકત મૌકો મુબારક થાય. ૨૯ માં અદ-દાઈયુલ અલવી અલ-ફાતેમી સૈયેદના વ મૌલાના શમ્સુદુનિયા વદ્દીન અલી બિન ઈબ્રાહીમ અશ-શહીદ (આ.કુ.) ની ૭ રજબુલ મુરજ્જબ ૧૪૩૦ હિ. ના દિન તખ્તનશીનીના ૪૦૦ માં સાલના ખુશ અવસર પર જમાઅતના મુમેનીન-મુમેનાત-નૌનિહાલો વાસ્તે.....

### -: મુખ્તલિફ પ્રોગ્રામોની યાદી :-

(૧) **૨૮ જ.આખર ૧૪૩૦ / ૨૧-૬-૦૯, રવિવાર** : સવારે ૯ થી ૧૨ : મરકઝે હુસૈની હોલ, બદરી મોહલ્લા : મેડીકલ કેમ્પ.

(૨) **૫ રજબ ૧૪૩૦ / ૨૭-૬-૦૯, શનિવાર :**

✲ સવારે ૯ થી ૧૨ : અલવી જમાતખાના, બદરી મોહલ્લા
: મહેંદી, કુકીંગ તેમજ ક્રોશીયો (હેન્ડ એમ્બ્રોઈડરી) હરીફાઈ.

✲ સાંજે ૪ વાગે : નૂરાની મસ્જિદ પાછલ, બદરી મોહલ્લા : આર્ટ કોમ્પીટીશન "સૈયેદના અલી શહીદ કરીમ" લખવાનું.

✲ રાતે ૯ વાગે : નૂરાની મસ્જિદ, બદરી મોહલ્લા : દીની ક્વીઝ કોન્ટેસ્ટ.

(૩) **૬ રજબ ૧૪૩૦ / ૨૮-૬-૦૯, રવિવાર :**

✲ સવારે ૮ વાગે : નૂરાની મસ્જિદ, બદરી મોહલ્લા : જમાઅતના નૌનિહાલો અને મુમેનીનની શહેરમાં રેલી, તખ્તનશીની અને મજમૂઉન નિકાહની મજલિસે મસર્રત, જમાઅત વાસ્તે તઆમો ઈકરામ.

✲ સાંજે ૫ વાગે : આજવા રોડ, તૈયેબી મસ્જિદથી મુમેનીનનું ત્યાંના ઈલાકામાં જુલૂસ.

✲ રાતે ૮ વાગે : અલવી જમાતખાના, બદરી મોહલ્લા : બેસ્ટ રિદા (મુમેનાત) અને ફેન્સી ડ્રેસ (બચ્ચાઓ) કોમ્પીટીશન, અપની જમાઅતના અકીદાનું નાટયાત્મક રૂપાંતર (સ્ટેજ શો ડ્રામા).

(૪) **૭ રજબ ૧૪૩૦ / ૨૯-૬-૦૯, સોમવાર :**

✲ સવારે ૭:૩૦ વાગે : મુકદસ આકા મૌલા (ક.રૂ.) ની ઝિયારતે શરીફા વાસ્તે અહમદાબાદ જાવા વાસ્તે નૂરાની મસ્જિદ નઝદીક મુમેનીન જમા થાશે. બસોમાં, પ્રાઈવેટ ગાડીઓમાં અને બાઈકો પર એક સાથે મુમેનીન રવાના થાશે. અહમદાબાદમાં ઝાએરીન વાસ્તે તઆમો ઈકરામ.

✲ સાંજે ૪:૩૦ વાગે : નૂરાની મસ્જિદ, બદરી મોહલ્લા : મુમેનાત વાસ્તે મજલિસે મસર્રત.

(૫) **૧૩ રજબ ૧૪૩૦ / ૫-૭-૦૯, રવિવાર** : તૈયેબી હોલ, આજવા રોડ : ઈનામ વિતરણ પ્રોગ્રામ.

જમાઅતના ખાસો-આમ મુમેનીન-મુમેનાત, ઉપર મઝકૂર તમામ પ્રોગ્રામોમાં પુરજોશ શિરકત કરે.

કોન્ટેક્ટ :

૯૩૨૭૦૬૮૭૩૩ / ૯૭૨૪૪૩૪૪૮૭ / ૯૮૨૫૭૧૯૭૮૬. ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★